# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન • વર્ષ : ૪ • સળંગ અંક : ૨૪૭ • તા.૦૪ માર્ચ થી ૧૦ માર્ચ ૨૦૨૩

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.


# શ્રી સમસ્ત ક.દ.ઓ. જૈન મહાજનની

# ધન્વંતરી યોજના




## પ્રથમ મહાપાલક દાતા

## શ્રી રાયચંદ હંસરાજ ધરમશી પરિવાર



DON'T
Compromise!
"HEALTH INSURANCE"
Portability Benefits Available
COMPARE, SCRUTINIZE & DECIDE
Karani
: For Details Contact Us :
YASHODHAN KARANI 98211 37737
DEEPAK KARANI 98210 82664
DEEPAK MOMAYA 93233 44737
KALPESH LODAYA 93248 33133
☑ Global Cover
☑ No Room Rent Restrictions
☑ Consumables Benefit Cover
☑ Maternity Cover
☑ Emergency Air Ambulance
☑ OPD Dental Treatment Upto 10000/-
☑ OPD Treatment Upto 5000/-
☑ 60 Days-Pre & 90Days Post Hospitalisation
☑ Road Ambulance 5000 per Hospitalisation
☑ Compassionate Travel Upto 20000
☑ High End Diagnostic upto 25000
☑ Bariatric Surgery Cover
☑ No Claim Bonus 50% every year upto 100%
☑ Long Term Policy Discount 10% for 3 yrs Policy
*T & C APPLY
insurancekhoj.com™
the ultimate stop for insurance™
#404, BPS PLAZA, DEVI DAYAL ROAD, MULUND (W), MUMBAI - 400080.
90049 99900 / 93221 37737 79771 01415 insurancekhoj@gmail.com
LOCATIONS : GUJARAT | MAHARASHTRA | MADHYA PRADESH | KARNATAKA



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

પ્રવીણ હંસરાજ લોડાયા

કીર્તિકુમાર ધનજી ધરમશી

ચંદ્રેશ વિરચંદ છેડા



**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org

Email : gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત...

### સંપાદક સ્થાનેથી

# ગામડાંઓ પરિવર્તનની પગથારે

આજે પરિવર્તનનો દોર છે. ગામડા તૂટીને શહેર બની રહ્યાં છે અને શહેર મહાનગરમાં પરિવર્તિત થઈ રહ્યાં છે. ખરૂં કહીએતો હવે ગામડાં અગાઉના જમાના જેવા ગામડાં રહ્યાં નથી પણ આધુનિક માર્ડન ટેકનોલોજીનાં ઉપયોગ કરતા ગામડાંઓ થઈ રહ્યાં છે. ઘરોઘરમાં વીજળી, પાણીના નળ આવી ગયા છે. બસ વ્યવહાર આજુબાજુના શહેરો, તાલુકા, જિલ્લા મથકોને જોડે છે. ડામરની સડકો નિર્માણ થઈ છે. દરેક ઘરોમાં પહેલા બળદગાડા હતા, સાઈકલો રહેતી હવે ટૂ વ્હીલરને ફોર વ્હીલર ઘર આંગણે ઊભી રહે છે. અગાઉ ગામમાં પાંચ ધોરણ સુધીની પ્રાથમિક શાળાઓ હતી હવે દસમા ધોરણ સુધી કે બારમા ધોરણ સુધીની શાળાઓ ભણતર પ્રદાન કરે છે. આમ જમાના અનુસાર ગામડાઓની સિકલ બદલાઈ ગઈ છે.

આપમા વડીલો સંયુક્ત પરિવારમાં ઉછરેલા હતા. કુટુંબના માવતરોને વડીલોને દરેક સભ્યો આદરપૂર્વક સંભાળ લેતા, જતન કરતા અને તેમની સેવા ચાકરી કરતાં ગામમાં જ રસકસની દુકાન હોય, શાકભાજીની નાની હાટડી હોય કે અન્ય ચીજ વસ્તુ કે ફરસાણ-મીઠાઈની નાની દુકાન હોય તો ખેતીવાડીની જમીનમાં ઉપજ લઈ શાંતિ સુખથી ગુજારો કરતા. સંજોગો વશાત વધુ કમાણી માટે ગામ છોડવું પડે તો પોતે એકલા જતા. પાછળ પરિવાર ગામડે રખાતા વાર, તહેવારે સારા નરસા ટાણે ગામનો ફેરો કરી જતાં દેશાવરમાં વસીને દેશને ભૂલ્યા ન હતા. મૂળિયા મૂળગામમાં જાળવીને વિકાસ કર્યો, પ્રગતિ કરી, ધમધોકાર કમાણી કરી પણ હવેની જનરેશન ભલે શહેર-મહાનગરમાં જન્મી, ઉછરી, કેળવણીને તાલીમ પામી શિક્ષિત થઈ છે. પણ પોતાના મૂળ ગામે સહેલાઈથી જતી નથી. જો જાય તો મજબૂરી વશ. આ એટિટ્યૂટ ઘણી જ્ઞાતિઓ હવે વધી રહ્યો છે. ગામડાનું શાંત જીવન, પાંખી વસ્તી, અપરિચિત માહોલ, વાહન વ્યવહારના ઓછા અપૂરતા સાધનો, હરવા ફરવાના કે મનોરંજન માટેના કોઈ સ્થળો ન હોવાના અભાવને લીધે આજના સુશિક્ષિત બાળકો વતને જવાનું કરતા નથી.

આપણી જ્ઞાતિની અઢળક વસ્તી હતી એ ગામોમાં નામ માત્રના ઘર પરિવાર રહે છે. ભવ્ય વિશાળ ઐતિહાસિક વીરાસત ધરાવતા જિનાલય હોય છે પણ રોજે રોજ ધર્મ, સેવાને ભક્તિ કરવા માટે અવરજવર થાય એની રાહ જોવાતી હોય છે. એટલું સારૂ છે કે સમયે સમયે ગામમાં ઉત્સવ, ઓચ્છવ અને તહેવારોની ઉજવણી ટાણે, દેશ-દેશાવરથી પરિવાર સાથે સૌ આવીને જોડાતા રહેતા હોવાથી તાત્પૂરતી વસતી લાગતી હોય છે. ત્યાર પછી ફરી સૂમસામ માહોલ થઈ જાય છે.

જ્ઞાતિ સમાજના બહુધા પરિવારો અનુકુળતા કરી ચાતુર્માસ, પર્યુષણને પહેડી, ધજા મહોત્સવમાં સહભાગી થવા વતનમાં જાય છે. કોઈક વરસમાં બે ચારવાર જાય છે. પરિવાર મોભીઓ સ્ત્રીવર્ગ પણ સાથે જઈ લાભ લે છે. પણ કુટુંબની યુવા પેઢી પણ જો અમૂક તેમની સાથે જાય તો વતનની સુગંધ પામી ધન્યતા અનુભવે. સ્થાનિકજનો સાથે ઘરોબો બંધાય. ગ્રામ્ય સંસ્કૃતિનો પરિચય થાય. યુવાનોના નવા નવા વિચારથી ગામમાં પણ કઈ પરિવર્તન થાય. સમય સંજોગો અનુકુળ કરી યુવાનો વરસમાં એક કે બે વાર આવી રીતે ગામડાંઓમાં જાય તો ગામવાસીઓ સાથે નાતો કેળવાય. ગામો તૂટતા આપણે ભલે રોકી ન શકીએ પણ, ગામમાં કંઈ નવું પરિવર્તન કરવા આપણા વિચાર જરૂર કામ આવે.

– જય જ્ઞાતિમૈયા

# વાંચન એટલે સંસ્કારનો પાયો

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

વાંચન અને મનન કર્યા વગરનો માણસ સંવેદનશીલતા હીન હોય છે. સાહિત્ય રસના વિવિધ વિષયોનું વાંચનનો શોખ રાખવો સંસ્કાર પ્રેરક છે. વાંચન માત્ર પુસ્તકના પાનાંઓનું વાંચન કરીને મન, શરીર અને ચેતનાનો એકરસતા પામી શકાય છે. વાંચનના આનંદથી નિજાનંદ મળે એ અવર્ણનીય હોય છે. સારા પુસ્તકો સન્મિત્રની ગરજ સારે છે. આપણી એકલતા દૂર કરે છે અને આપણા માર્ગદર્શક બને છે.

પરિવારના દરેક સભ્યો એ પોતાના ગમતા વિષયોનું વાંચન કરવું ઘટે. આ શોખને લીધે કલ્પનાશક્તિ ખીલી ઊઠે છે. વિચાર શક્તિને ધાર મળે છે અને વ્યક્તિનું ઘડતર થાય છે. દુ:ખ અને નિરાશામાં વાંચનનો શોખ નવી આશા પ્રગટાવે છે. મુસીબત સામે લડવાની શક્તિ પ્રાપ્ત થાય છે અને મનનું ઘડતર થાય છે. આજે ભલે મોબાઈલ અને કોમ્પ્યુટરના સાધનો માનવી પર હાવી થઈ ગયાં છે. પણ અગાઉ નાના મોટા સૌ પુસ્તકો, નવલકથાઓ, કાવ્યો અને વિવિધ રસ સાહિત્યની કૃતિઓમાંથી જ્ઞાન પ્રાપ્તિ કરતાં અને મનોરંજન પણ મેળવતા શિક્ષણ અને જ્ઞાનથી સંસ્કાર પ્રાપ્ત થાય છે અને બુધ્ધિની વૃધ્ધ થાય છે.

અગાઉ ગુરૂકુળમાં દરેક કલાનું શિક્ષણ અને જ્ઞાન મળતું. રાત દિવસ ગુરૂની છત્રછાયામાં શિષ્યોનું ઘડતર થતું. દરેક કલા શસ્ત્ર અને વિદ્યામાં પારંગત થઈને વ્યક્તિત્વનું ઘડતર કરતાં હતા. જ્ઞાન અને સંસ્કારને સંબંધ છે ત્યાં સુધી શિક્ષણનો કોઈ હવે અર્થ રહ્યો નથી. વિદ્યા આપતા કેન્દ્રોનું હવે જાણે વેપારીકરણ થઈ ગયું છે. શિક્ષકો અને વિદ્યાર્થીઓ વચ્ચેના સંબંધો હવે પહેલાંના જેવા ગાઢ અને આત્મીય રહ્યાં નથી. વિદ્યાલયો અને વિદ્યા ગુરૂઓ હવે કોઈ પ્રેરણાના સ્રોત બની શકે એવી સ્થિતિમાં પણ નથી. અગાઉ સંસ્કૃત અને સાથે માતૃભાષામાં શિક્ષણ મળતું હતું. આજે અંગ્રેજી ભાષાનું ચલણ વધયું છે. વિદ્યાર્થીઓ અન્ય ભાષા માધ્યમમાં શિક્ષણ ભલે મેળવે પણ માતૃભાષા સારી રીતે બોલતા લખતા અને વાંચતા શીખે એ અત્યંત જરૂરી છે. આ માટેની કાળજી માવતરોએ લે એ જરૂરી છે.

ઘરમાં પ્રેમ, સ્નેહ અને સંવાદિતા સાથે સારૂં વાતાવરણ અને સારા પુસ્તકોનું વાંચન સાથે જ્ઞાન મળે એ જરૂરી છે. સંસ્કારની કોઈ તાલીમ આપવી પડતી નથી. એ તો સંગથી આવી જાય છે. આજના સંતાનોને બધું જલદીથી મેળવી લેવું છે અને ભોગવી લેવું છે. તેમની પાસે નથી સમય નથી ધીરજ. માત્ર ઉચ્ચ અભ્યાસ કરી ડિગ્રી મેળવવી છે અને પૈસા કમાવવા છે. મોબાઈલના વપરાશથી વાંચન લુપ્ત થઈ ગયું છે. કોઈપણ પ્રશ્ન અંગે વિચારવાનો અને સમજવાનો ભાગ્ય જ કોઈને સમય છે કે કોઈને સમજણ છે. જેમનામાં આવે તે કરી નાખવું એ મનોવૃત્તિ સૌની થઈ ગઈ છે. આધુનિકતાના પ્રવાહમાં સૌથી વધુ કોઈ ગુમાવ્યું હોય તો કુદરતનું સાંનિધ્ય, પ્રવાસનો આનંદ, સંબંધીઓ સાથેનો પ્રત્યક્ષ નાતો વિગેરે એક મુઠીમાં સમાઈ જાય એટલું યંત્ર કેટ કેટલું ખાઈ ગયો છે એનો કોઈ હિસાબ જ નથી.


**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**
**3, Anant Siddhi Building, Gr.Floor, LBS Marg, Bhandup (West) Mumbai - 78.**


KDO

## શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન

### સ્વાભિમાન સમિતિ, ધન્વંતરિ યોજના

સમાન ધર્મ વાળા ને સાધર્મિક કહેવાય છે
તેની રક્ષા કરવી સહયોગ આપવો તે સૌથી મોટી સેવા છે.
જરૂરિયાત મંદ વરિષ્ઠ જ્ઞાતિજનની મદદ થી
જ્ઞાતિ-સમાજ પ્રગતિશીલ બને છે.
સાધર્મિક દયાને પાત્ર નથી પણ સહાય-મદદ ને પાત્ર છે.
અન્યોની મદદ માટે કરેલા અથાગ પ્રયત્નોથી જ
વ્યક્તિની દિવ્યતા પ્રગટ થાય છે.

**આ સત્યને સાર્થક કરતા જ્ઞાતિના મહાનુભાવ...**



## શેઠ શ્રી રાયચંદ હંસરાજ ધરમશી

ચેરીટેબલ ટ્રસ્ટ

સુથરી, મુંબઇ

Shri Raichand Hansraj Dharamshi
CHARITABLE TRUST

**શ્રી સમસ્ત મહાજન દ્વારા પ્રેરિત ધન્વંતરિ યોજના માટે**

40 વરિષ્ઠ જ્ઞાતિજનો ના એક વર્ષ માટે ના મહાપાલક

## રૂપિયા 5,00,000 ની

**રકમ ફાળવવામાં આવી છે.**

# ધન્વંતરી મહાપાલક

# સમસ્ત મહાજનની સ્વાભિમાન સમિતિ સંચાલિત ધન્વંતરી યોજનાના પ્રથમ મહાપાલક થનારા દાતાની ભવ્ય ભાવથી અનુમોદના

ધન્વંતરિ યોજના



શ્રી સમસ્ત ક.દ.ઓ.જૈન મહાજનની વરિષ્ઠ વડીલ જ્ઞાતિજનોની સંભાળ દરકાર અને ભરપૂર ભાવ સાથે કાળજી કરતી સ્વાભિમાન સમિતિ સંચાલિત ધન્વંતરી યોજના અંતર્ગત જરૂરિયાતમંદ વરિષ્ઠ જ્ઞાતિજનોને મેડિકલ સહાય માટે દર માસે રૂા.૧ હજારની ઠરાવિક રકમ અપાય છે. આ યોજનામાં ૪૦ વરિષ્ઠ જ્ઞાતિજનોના એક વર્ષ માટે મહાપાલક તરીકે રૂા.પાંચ લાખનું ઉદાર અને મહા અનુદાન નોંધાવનાર શેઠ શ્રી રાયચંદ હંસરાજ ધરમશી ચેરિટેબલ ટ્રસ્ટ સુથરી-મુંબઈ એ ઉદાર અનુકરણીય ભાવ દર્શાવેલ છે. તેની વંદના, અનુમોદના અને લક્ષવાર અભિવંદના.

# વડોદરા કેડીઓ નગરે પંચ પ્રસ્થાન સાધક પ.પૂ. આ.ભ.મહારાજસાહેબનું ભવ્ય ભાવ સાથે સામૈયું કરાયું







વડોદરાના કેડીઓ નગર ધરાપર શ્રી વિમલનાથ દાદાના સાંનિધ્યમાં અજોડ શાસન પ્રભાવ ૨૨મા વર્ષીતપના તપસ્વી રત્ન સૂરિમંત્ર પંચ પ્રસ્થાન સાધક પ.પૂ.આ.ભ.શ્રી કવિન્દ્રસાગરસૂરિશ્વરજી મ.સા. પધાર્યા. સાહેબજીનું ભવ્ય ભાવ સાથે સામૈયું કરાયું.

# સાંધવ નગરે શાંતિનાથ દાદાની શીતલ છાયામાં ૧૫૭ મો ધ્વજા મહોત્સવ ઉજવાયો







સાંધવ નગરે ત્રિહાન્હિકા મહોત્સવ ઉજવાયો તા.૩૦-૧-૨૦૨૩ના સવારના પ.પૂ.મુનિરાજશ્રી મુક્તિરત્નસાગરજી મ.સા. તપા પ.પૂ.મુનિરાજ શ્રી કંચનસાગરજી મ.સા. પધારતા સામૈયું કરવામાં આવેલ. પ.પૂ.મુનિરાજ હિતવર્ધનસાગરજી મ.સા., તા.૨૭-૧ના પધારેલ પ.પૂ.સાધ્વીશ્રી હિંતપ્રજ્ઞાશ્રીજી મ.સા., સાધ્વીશ્રી ઋજુપ્રજ્ઞાશ્રીજી મ.સા. ચર્તુવિધ સંઘ સાથે ત્રિહાન્હિકા ધ્વજા મહોત્સવ ઉજવાયો. મહોત્સવનો પ્રથમ દિવસ તા.૩૧-૧-૨૦૨૩ મહાસુદ ૧૧ મંગળવારના સવારના દેરાસરજીમાં તોરણ બંધન પ.પૂ.મ.સા.ની શુભનિશ્રામાં કરાવવામાં આવેલ. સવારના સ્નાત્રપૂજા ભણાવવામાં આવેલ. રૂા.૧૦ની પ્રભાવના કરવામાં આવેલ. સવારના ૧૦ કલાકે વ્યાખ્યાન રાખવામાં આવેલ.

સાંધવ જૈન સંઘ તરફથી ૧૦ રૂા.ની પ્રભાવના ચિ. પ્રિયા જયેશ જૈનના લગ્ન પ્રસંગ નિમિત્તે સંઘશ્રી ભાગચંદ રામજી જૈન પરિવાર તરફથી બપોરના ૧.૩૦ કલાકે શ્રી શાંતિનાથ મહા પૂજન તેમજ પ્રભુજીના પાંચ ભગવાનની ભવ્યાતી ભવ્ય અંગરચના. જીવદયામાં પક્ષીઓને ચણ, કૂતરાઓને રોટલા, ગાયોને વથાણમાં ચારો નાખવામાં આવેલ. આખા દિવસની સંપૂર્ણ સાર્ધમિક ભક્તિનો લાભ, મહાકાલી માતાજીની ભાવના, પ્રભુજીની ભાવના, આંબીલવાળાને રૂા.૨૦૦ પ્રભાવના, એકાસણા રૂા.૫૦ની પ્રભાવના સામાયિક પ્રતિકાત્મક રૂા.૧૦ની પ્રભાવનાનો લાભ લીધેલ.







# સાંધવ નગરે શાંતિનાથ દાદાની શીતલ છાયામાં ૧૫૭ મો ધ્વજા મહોત્સવ ઉજવાયો





તા.૧-૨-૨૦૨૩ મહોત્સવના બીજા દિવસે બુધવારના શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ મુંબઈ લાભ લીધેલ. સ્નાત્ર પૂજા અને શ્રી કલ્યાણક મંદિર મહાપૂજન ભણાવવામાં આવેલ. રૂા.૧૦નું સંઘ પૂજન આયંબીલ પ્રભાવના રૂા.૧૦૦ એકાસણાવાળાને રૂા.૫૦ પ્રતિક્રમણ રૂા.૧૦ સાંજના ભવ્યાતી ભવ્ય અંગરચના પાંચ ભગવાનની રાત્રે પ્રભુજીની ભક્તિ ભાવના પક્ષીઓને ચણ, કૂતરાઓને રોટલા, ગૌમાતાને પશુ વથાણમાં ચારો. આખા દિવસની સંપૂર્ણ સાર્ધમિક ભક્તિ લાભ લીધેલ.

તા.૨-૨-૨૦૨૩ ગુરૂવાર મહા સુદ ૧૩ મહોત્સવનો ત્રીજો દિવસ ૧૫૭મી ધ્વજા મહોત્સવના સંપૂર્ણ દિવસના લાભાર્થી પરિવાર શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ, મુંબઈ. સ્નાત્રપૂજા તથા સતર ભેદી પૂજા. આયંબીલ પ્રભાવના પાંચ ભગવાનની રાત્રે પ્રભુજીની ભક્તિ ભાવના પક્ષીઓને ચણ કૂતરાઓને રોટલા, ગૌમાતા પશુઓને વથાણમાં ચારો આખા દિવસની સંપૂર્ણ સાર્ધમિક ભક્તિનો લાભ ગ્રુપ એ લીધેલ.

ધ્વજા ચડાવવાનો લાભ શ્રી આણંદજી હીરજી ખોના પરિવાર અને શ્રી પદમશી કલ્યાણજી ખોના પરિવારે લીધેલ. વિધિ વિધાન માટે કેવલભાઈ સાવલા અને સંગીતકાર કિશોર સંગાર, પ્રભુજી ભવ્ય અંગરચના બનાવવા માટે મેહુલ નાગલપુરથી પધારેલ. દેરાસરજીને શણગારવાનો લાભ **દેવાંશ સમીર શામજી દંડ મુલુંડ પરિવારે** લાભ લીધેલ.

ધ્વજા મહોત્સવ પ્રસંગે સાંધવ ગામવાસીઓ, નિયાણી બહેનો, આમંત્રણને માન આપી ગામે ગામથી પધારેલા મહેમાનો શાંતિ ગ્રુપના ભાઈ-બહેનો સારી સંખ્યામાં ત્રણ દિવસ મહોત્સવમાં પધારેલ.

ગાંધીધામ, ભુજ, જખૌ, કોઠારા, સાંયરા, વરાડીયા, સુથરી, સાંધાણ, નલિયા, મંજલ રેડીયા મહાજનો પધારેલ. મુંબઈથી સાંધવના શામજીભાઈ દંડ, રાયચંદભાઈ દંડ, પ્રવીણ મોતા, લક્ષ્મીચંદભાઈ દંડ, રાજેશ દંડ, મુકેશ દંડ, વિપુલ પટેલ, જવેરચંદ ખોના, ઉમેશ ખોના, દિનેશ લોડાયા, ભીખુભાઈ લોડાયા, મલકાપુરથી મણીલાલ પ્રતાપ લોડાયા, મુંબઈથી




# સાંધવ નગરે શાંતિનાથ દાદાની શીતલ છાયામાં ૧૫૭ મો ધ્વજા મહોત્સવ ઉજવાયો





ખીમજીભાઈ લોડાયા, નીતિન ધરમશી, ચંદનબેન મોતા, કલકત્તાથી પ્રભાબેન ધુલ્લા, દમયંતીબેન ખોના, તારાબાઈ મોતા, શેવગાંવથી શરદભાઈ દંડ, રાપરગઢવાળી, ડોંબિવલીથી લહેરચંદ લોડાયા, વરાડીયાથી કીરીટભાઈ મોમાયા, રતિલાલભાઈ મોમાયા, ભાટાપરાથી વીધી બ્રિજેશ મોતા, મુંબઈ મહાજનના ઉપપ્રમુખશ્રી વિરેન્દ્ર લોડાયા, મુંબઈ ટ્રસ્ટના મનોજભાઈ લોડાયા, સુથરીના રમેશ લોડયાયા, હિતેશ મોમાયા, હિરાચંદભાઈ વિકમશી અંધેરી, જલગાવથી હિરાચંદ મોમાયા, જસાપરના લહેરચંદ ધરમશી, વારાપધ્ધરના મહેન્દ્ર મોતા, ગાંધીધામથી પ્રદિપ ખોના, લહેરચંદ ખોના, ઝવેરચંદ ખોના, ભુજથી દીલીપ લોડાયા, નેમિન ખોના, સાંધાણથી કાંતિલાલ લાલકા, સિધ્ધાર્થ લાલકા, નલિયા મહેશ મોતા. સર્વ પધારેલ તે બધાની ખૂબ ખૂબ અનુમોદના. ધ્વજાના દિવસે ૧૬૦ રૂા.નું સંઘપૂજન કરવામાં આવેલ. દરેક દાતાશ્રીઓ તરફથી સાંધવના પંકજ ડાઘા, રાજેશ પટેલ, રઘુભા જાડેજા, ખુશાલ પટેલ, કલ્પનાબેન લોડાયા, જોસનાબેન દંડ, રસીલાબેન ખોના, મીનાબેન ખોના, પુષ્પાબેન ખોના, નૈનાબેન ખોના, જયશ્રીબેન ખોના, મીનાબેન દંડ, કાંતાબાઈ લોડાયા, સારી સેવા આપેલ. સર્વે કાર્યકર ભાઈ બહેનોની ખૂબ ખૂબ અનુમોદના. ધ્વજા મહોત્સવમાં ત્રણ દિવસના દાતા પરિવાર એક દિવસના સંઘવી શ્રી ભાગચંદ દામજી જૈન પરિવાર અને બે દિવસના દાતા પરિવાર શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ મુંબઈનો શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન સાંધવ અનુમોદના કરે છે. ખૂબ ખૂબ અનુમોદના. જે પણ ધ્વજા મહોત્સવમાં પહોંચી ન શક્યા તે પણ સાધારણ ખાતામાં ફૂલ નહીં ફૂલની પાંખડી એક આની થી કરી ૧૪ આની સુધી મહાજનશ્રીના સાધારણ ખાતામાં લખાવેલ. તે સર્વેનું તેમજ સંઘપૂજનમાં પણ લખાવેલ સર્વ પરિવારનું કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન સાંધવ ખૂબ ખૂબ અભિનંદન કરે છે.

તા.૩૦-૧-૨૦૨૩ના મહોત્સવનો પ્રથમ દિવસ પાંચ ભગવાનની પક્ષાલ પૂજાનો લાભ ૨૫૧ મણમાં અને કેશરપૂજા-ચંદનપૂજા શ્રી શાંતિનાથ ભગવાન, શ્રી ધર્મનાથ, શ્રી મહાવીર સ્વામીજી, શ્રી અજીતનાથજી, શ્રી વિમલનાથજી ૫૦૫ મણ પ્રિયાબેન જયેશ ભાગચંદ જૈન પરિવાર, કોઠારા-મુલુંડ લીધેલ.

આરતીનો લાભ માતુશ્રી કસ્તુરીબેન કેશવજી ધરમશી સાંધાણ-ડોંબિવલી ૨૫૧ મણ અ.સૌ.કાંતાબેન ખીમજી લોડાયા લાલા-ડોંબિવલી ૧૦૧ મણ મંગળ દીવો.

તા.૩૧-૧-૨૦૨૩ મહોત્સવનો બીજો દિવસ ૩૦૧ મણ માતુશ્રી લક્ષ્મીબેન નરશી દંડ, હીરાચંદ દંડ, મુલુંડ, કેશરપૂજા-ચંદનપૂજા શાંતિનાથ દાદા માતુશ્રી મણીબાઈ કુંવરજી મોતા, ડોંબિવલી ૬૦૧ મણમાં ધર્મનાથ દાદા માતુશ્રી વિમલાબાઈ ખીમજી દંડ, વાપી ૩૦૧ મણ, મહાવીર સ્વામીજી ૨૫૧ મણ મણીબાઈ કુંવરજી મોતા ડોંબિવલી.





# સાંધવ નગરે શાંતિનાથ દાદાની શીતલ છાયામાં ૧૫૭ મો ધ્વજા મહોત્સવ ઉજવાયો





અજીતનાથ સ્વામીજીની પૂજાનો લાભ ૩૯૧ મણમાં અ.સૌ.પ્રિતી દિપેશ ભરત ખોના, દૂબઈ, વિમલનાથ સ્વામીજી પૂજાનો લાભ ૪૫૧ મણમાં દામજી નરશી દંડ, ભાંડુપ.



ધ્વજા મહોત્સવનો ત્રીજો દિવસો તા.૨-૨-૨૦૨૩ શુભદિવસ પક્ષાલપૂજા ૩૦૧ મણના લાભાર્થી જીત કાજલ ધનરાજ લોડાયા, સુથરી અને ગ્રેસિ હિરલ રોકી લોડાયા,સાંધવ.

ચંદન કેસર પૂજાના લાભાર્થી પરિવારો શાંતિનાથ દાદાના ૫૦૧ મણમાં માતુશ્રી વિમલાબેન ખીમજી દંડ, વાપી, ધર્મનાથ દાદા ૨૫૧ મણમાં તેજેશ-શ્રેયા પ્રવિણ મોતા, ડોંબિવલી. મહાવીર સ્વામીજી ૩૦૧ મણ, અજીતનાથજી ૧૫૧ મણ, જીતકાજલ ધનરાજ લોડાયા અને ગ્રેસિ હિરલ રોકી લોડાયા, ડોંબિવલી. વિમલનાથજી સ્વામીજી ૭૦૧ મણ ઝવેરચંદ મેઘજી ખોના, ડોંબિવલી. આરતી ૨૦૧ મણ મંગલ દીવો ૧૫૧ મણ અ.સૌ.જયશ્રીબેન જવેરચંદ ખોના, ડોંબિવલી. ખૂબ ખૂબ અનુમોદના.

ધ્વજાના ત્રિહાન્હિકા મહોત્સવમાં આવેલ સાધારણ ફાળો

બેઆનીના ભાગ્યશાળી પરિવારો : માતુશ્રી લક્ષ્મીબાઈ મણિલાલ માલશી લોડાયા, લોકાપુર ૨) પ્રમેશ અને મહેશ હંસરાજ દેવશી દંડ, મુલુંડ ૩) અ.સૌ.નયનાબાઈ વિરચંદખોના, ડોંબિવલી ૪) અ.સૌ.લતાબેન નેમ વિરચંદ સોની સુથરી-જુહુ ૫) ચેતનાબેન પ્રવિણ મોતા, ડોંબિવલી ૬) રેખાબેન દિનેશ લાલકા, કોઠારા-શીવડી ૭) અ.સૌ.છાયાબેન ધીરેન્દ્ર લોડાયા, નલિયા-મુલુંડ.

એકઆનીના ભાગ્યશાળી પરિવારો ૧) શા. પીતામ્બર શામજી પટેલ, કલકત્તા ૨) અ.સૌ.લક્ષ્મીબેન શરદ દંડ, બાયઠ-શેગાંવ ૩) અ.સૌ. પ્રભાબેન નીતિન ધરમશી, સાંધાણ-ડોંબિવલી ૪) માતુશ્રી ધનલક્ષ્મીબેન શાંતિલાલ મોતા, લાલા-મુલુંડ ૫) અ.સૌ.ધનલક્ષ્મીબેન ખુશાલ ધનજી મૈશેરી, નાની સિંધોડી-વાપી ૬) શ્રી દામજી નરશી દંડ, ભાંડુપ ૭) માતુશ્રી





# સાંઘવ નગરે શાંતિનાથ દાદાની શીતલ છાયામાં ૧૫૭ મો ધ્વજા મહોત્સવ ઉજવાયો




વિમલાબાઈ ખીમજી દંડ, વાપી ૮) માતુશ્રી જયાબેન મણીલાલ દંડ હ. દિપક દંડ ૯) અ.સૌ.નયનાબેન મહેશ મુલજી મોતા, લાલા-ડોંબિવલી ૧૦) ચિ. ગ્રિક્ષી હિરલ રોકી લોડાયા હ.જયશ્રીબેન જવેરચંદ ખોના, ડોંબિવલી ૧૧) માતુશ્રી હિરબાઈ મેઘજી નાગડા, પરજાઉ-ભુજ હસ્તે કિરણ મેઘજી નાગડા ૧૨) ધૈર્ય રાજેન્દ્ર પદમશી ખોના, ડોંબિવલી ૧૩) વિજયાબેન પદમશી નાગડા (ધુમ પરિવાર) નલિયા-ડોંબિવલી ૧૪) અ.સૌ.પ્રિયાબેન વિપુલ ઠાકરશી પટેલ, મુલુંડ ૧૫) નેવિલ વિપુલ પટેલ, મુલુંડ ૧૬) વિરલ ઠાકરશી પટેલ, મુંબઈ ૧૭) માતુશ્રી પુરબાઈ કાનજી ધરમશી, જખૌ-અમદાવાદ ૧૮) માતુશ્રી મણીબેન બાબુભાઈ લોડાયા, અમદાવાદ ૧૯) માતુશ્રી ગુણવંતીબેન નરશી લોડાયા-અમદાવાદ ૨૦) શ્રીમતી કાંતાબેન ચત્રભુજ મોમાયા, મુલુંડ ૧) રોહિત કાનજી દંડ, દેવલાલી ૨૨) માતુશ્રી નવલબેન મણીલાલ દંડ, ગોરેગાંવ ૨૩) શ્રી નવીન દેવણાંત લોડાયા, મુલુંડ ૨૪) મહેન્દ્ર નારાણજી માલશી લોડાયા, રાજકોટ ૨૫) માતુશ્રી લતાબેન ઝવેરચંદ દંડ, ભાંડુપ ૨૬) અ.સૌ.નીતા પ્રદીપ દંડ, લાલા-અંકલેશ્વર ૨૭) શ્રીમતી કાશમીરા મનોજ લોડાયા, ગાંધીધામ ૨૮) અ.સૌ.ભારતીબેન કિશોર લોડાયા, ડોંબિવલી ૨૯) મીઠીબાઈ સોમચંદ દંડ, કાંજુરમાર્ગ ૩૦) શ્રી વરાડીયા જૈન સંઘ ૩૧) શ્રી સુથરી જૈન સંઘ ૩૨) કમલાબેન કાંતીલાલ ધરમશી, કોઠારા-બીજાપુર ૩૩) શ્રીમતી જ્યોતિબેન કાંતીલાલ લાલકા, બાંઢીયા-ગાંધીધામ ૩૪) માતુશ્રી કસ્તુરીબેન લખમશી ખોના, વરાડીયા-ડોંબિવલી ૩૫) વત્સલ અને મોસીલ હિતેશ ગોવિંદજી પટેલ ૩૬) અ.સૌ. કસ્તુરીબેન લાલજી પટેલ, મુલુંડ ૩૭) શ્રી ચાંપશી વિરમ દંડ ૩૮) તારાબાઈ નવીનચંદ્ર મોતા, કોઠારા ૩૮) ગૌરવ અલ્પા ચેતન લોડાયા, મુલુંડ.

રૂા.૧૬૦૦૦ શેઠ શ્રી ચાંપશી માણેકજી લોડાયા, ઘાટકોપર. શેઠશ્રી શામજી નરશી દંડ, થાણા.

ચિ.પ્રિયાના લાભ પ્રસંગે નિમિત્તે જયેશ જૈન સંઘવી શ્રી ભાગચંદ દામજી જૈન (ધરમશી) કોઠારા-મુલુંડ, માતુશ્રી જયાબેન લક્ષ્મીચંદ દંડ, ભાડુંપ.

રૂા.૧૫૪૦૦/- ૧૪ આની : સાંઘવ નગરે બિરાજમાન ખોના માતાજી શ્રી અંબે માતાજીની નુંતન મંદિરની પ્રતિષ્ઠા નિમિત્તે ખોના પરિવારના ભાવિકો અને નિયાણી બહેનો તરફથી.

રૂા.૧૨,૧૦૦/- ૧૧ આની : માતુશ્રી મણીબાઈ માણેકજી લોડાયા, થાણા હ.પ્રિતિબેન પ્રકાશ, ચિ.મિરાન અને અ.સૌ. માધવી મયંક (યુએસએ) અ.સૌ.વિધિ પ્રિયંક (કેનેડા).

રૂા.૧૨,૧૦૦/- ૧૧ આની : અ.સૌ.અરૂણાબેન નવિન લોડાયા, ઘાટકોપર હસ્તે ચિ.મીત દેવેન લોડાયા, જીયાંશ અજીત નવિન લોડાયા. રૂા.૧૧૦૦૦/- માતુશ્રી મણીબાઈ કુંવરજી મોતા પરિવાર, ડોંબિવલી, અ.સૌ.મીનાબેન મુકેશ ખીમજી દંડ, વાપી લગ્નની વર્ષગાંઠ નિમિત્તે.

રૂા.૫,૫૫૫/- ૫ આની : ગોવિંદજી લાલજી પટેલ અને અ.સૌ.મીનાબેન મણીલાલ ખોના, સાંઘવ, પદમશી કુંવરજી પટેલ, કોચીન, શ્રી ભવાનજી નરશી દંડ પરિવાર, મુલુંડ, માતુશ્રી લાખબાઈ પ્રીતિચંદ ખોના હ.દેવેન્દ્ર કાંતીચંદ ખોના ચેમ્બુર, માતુશ્રી ઝવેરબાઈ પદમશી ખોના, ભાડુંપ હસ્તે અ.સૌ.બીનાબેન પરાગ લોડાયા ડોંબિવલી અને અ.સૌ. હિરલ આદિત્ય લોડાયા, ડોંબિવલી, માતુશ્રી કાંતાબેન આણંદજી ખોના, ગાંધીધામ, પ.પૂ.સાધ્વીશ્રી કનગુણાશ્રીજી મ.સા.ના સિધ્ધિતપ નિમિત્તે અ.સૌ.મીનાબેન મણીલાલ ખોના, ભાંડુપ, માતુશ્રી રસીલાબેન માણેકજી લોડાયા, મુલુંડ, ચિ.દિવ્યમ સમતા અક્ષય લોડાયા, રાપરગઢવાળી-ડોંબિવલી.

# પ.પૂ.ગચ્છાધિપતિ આ.ભ.શ્રી કલાપ્રભસાગરજી મ.સા.નું અબડાસામાં સાંધવ નગરે પ્રથમવાર પ્રવેશ



સાંધવ નગરે શાંતિનાથ દાદાના અસીમ કૃપાથી તા.૭-૨-૨૦૦૩ મંગળવારના સ્પેનેરી દિવસ સવારના ૭ કલાકે પ.પૂ.ગચ્છાધિપતિ થયા બાદ ા.ભ.શ્રી કલાપ્રભસાગરજી મ.સા. પરિવાર સાથે અબડાસાની ધરતી ઉપર સાંધવનગરની ભૂમિને પાવન કરવા પ્રથમવાર પધાર્યા હતા. પધારતા ભવ્યાતિ ભવ્ય આજે બેન્ડ પાર્ટી, શણગારેલી બેલ ગાડી (વેલ) ધ્વજા લઈને સ્વરો પંખાવાજ મંડળી, ગામવાસીઓ, ગામેગામથી પધારેલ મહેમાનો બોવી સંખ્યામાં સામૈયું કરવામાં આવેલ. સવારના નવકારશીનો લાભ તેમજ સંપૂર્ણ દિવસ સાર્ધમિક ભક્તિનનો લાભ **શેઠ શ્રી શામજી નરશી દંડ પરિવારે મુલુંડ** લીધેલ. મુંબઈથી શામજીભાઈ દંડ, રાયચંદભાઈ દંડ, લક્ષ્મીચંદ દંડ, રાજેશ દંડ, મુકેશ દંડ, ખીમજીભાઈ લોડાયા, કિર્તીભાઈ ધરમશી, નિતીન ધરમશી, મુંબઈ મહાજનશ્રી ટ્રસ્ટી શ્રી ચેતનભાઈ મોતા, ભદ્રેશ છેડા રેખાબેન લાલન, ગાંધીધામથી લહેરચંદ ખોના, જવેરચંદ ખોના, અરવિંદભાઈ લોડાયા, ભુજથી પ્રબોધભાઈ મુનવર, ભૂજ વર્ધમાનનગર, કોઠારા, ડુમરા, સાંધાણ, વરાડીયા, સુથરી, સાંયરા, નલિયા, જખૌ, રાપરગઢવાળી, વારાપધ્ધર, નલિયાથી સોમચંદભાઈ મોતા, રાયચંદ ડાઘા, મહેશ નાગડા ૨૦૦થી વધારે સંખ્યામાં સર્વ મહાજનો પધારેલ. સંચાલન પ્રબોધ મુનવરે કરેલ.







# પ.પૂ.ગચ્છાધિપતિ આ.ભ.શ્રી કલાપ્રભસાગરજી મ.સા.નું અબડાસામાં સાંઘવ નગરે પ્રથમવાર પ્રવેશ



પંખાવાજમાં પ્રેમચંદ મોમાયા સારી એવી રમઝટ જમાવેલ. આચાર્ય ભગવંતને સોનાની ગીનીથી શેઠ શ્રી શામજી નરશી દંડ પરિવારે ગુરૂપૂજન કરેલ. પ.પૂ.આ.ભ.શ્રી ૨ કલાકે વારાપધ્ધર ગામે વિહાર કરેલ. પ્રભાવના પાકીટ અ.સૌ.પ્રિતિબેન પ્રકાશ માણેકજી લોડાયા, થાણા. દરેકને રૂા.૧૦૦નું સંઘ પૂજન કરાવવામાં આવેલ.

રૂા.૫૦નું સંઘપૂજન શેઠશ્રી શામજી નરશી દંડ પરિવાર, મુલુંડ, રૂા.૫૦ સંઘપૂજન નીચે મુજબ ભાગ્યશાળી પરિવારો તરફથી. ૧) રૂા.૨૫૦૦/- શેઠશ્રી ચાંપશી માણેકજી લોડાયા, ઘાટકોપર, રૂા.૧૧૦૦/- માતુશ્રી જમકુબાઈ લાલજી પટેલ, મુલુંડ, ૨) માતુશ્રી રસીલાબેન માણેકજી લોડાયા, મુલુંડ ૩) શ્રી ઠાકરશી લાલજી પટેલ, મુલુંડ ૪) નિર્મલાબેન નવીનચંદ્ર લોડાયા, મુલુંડ ૫) માતુશ્રી મણીબાઈ કુંવરજી મોતા, ડોંબિવલી ૬) વિરચંદ મેઘજી ખોના, ડોંબિવલી ૭) માતુશ્રી જયાબેન લક્ષ્મીચંદ દંડ, ભાંડુપ ૮) અ.સૌ.શંકુતલાબેન રાયચંદ દંડ, મુલુંડ ૯) શ્રી ભવાનજી નરશી દંડ, મુલુંડ ૧૦) અ.સૌ.પ્રિતિબેન પ્રકાશ માણેકજી લોડાયા, થાણા ૧૧) માતુશ્રી કાંતાબેન આણંદજી ખોના પરિવાર, ગાંધીધામ ૧૨) શ્રી નેણશી પદમશી ખોના, ભુજ ૧૩) રેખાબેન દિનેશ લાલન કોડાય, શીવડી ૧૪) વારાપધ્ધર જૈન સંઘ.

સર્વે પધારનાર મહાજનો તેમજ બહારગામથી પધારેલ સર્વેનું સાંધવ મહાજન અનુમોદના કરે છે. દાતા પરિવાર જે સંપૂર્ણ દિવસનો સામૈયાનું લાભ લીધેલ તેમજ સંઘપૂજનના લાભ લેનાર પરિવારોની ખૂબ ખૂબ અનુમોદના.







# શ્રી આદી ઘંટાકર્ણ ભક્તિ મંડળ દ્વારા આયોજીત
# શ્રી શંત્રુજય સિધ્ધાચલ ગિરિરાજ થી રૈવતગિરિતીર્થ ગિરનાર છ'રિ પાલિત સંઘ





પાલીતાણાથી શંત્રુજ્ય મહાતીર્થથી તા.૨૪-૧૨-૨૦૨૨ના છ'રી પાલિત સંઘ પ.પૂ.ગચ્છાધિપતિ આચાર્ય ભગવંત કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા. આદિઠાણા ૩૦ની પ.પૂ.સાધુ ભગવંતો પ.પૂ.સાધ્વીશ્રી ભગવંતોની શુભનિશ્રામાં પ્રયાણ કરેલ. પ્રથમ દાદાની યાત્રા કરી ઘેટી પગલા દર્શન કરી પ્રથમ પડાવ ઘેટી પડેલા. છ'રી પાલિત સંઘમાં કુલ ૨૩ સંઘપતિ













# શ્રી આદી ઘંટાકર્ણ ભક્તિ મંડળ દ્વારા આયોજીત
# શ્રી શંત્રુજય સિધ્ધાચલ ગિરિરાજ થી રૈવતગિરિતીર્થ ગિરનાર છ'રિ પાલિત સંઘ





પરિવારો હતા. પણ આપણા ક.દ.ઓ.જ્ઞાતિના ત્રણ પરિવારો લાભ લીધેલ. ૧) સંઘમાતા ભારતીબેન ભાગચંદ દામજી જૈન, કોઠારા-મુલુંડ ૨) શ્રીમતી રશ્મિબેન પ્રતાપભાઈ ચાંપશી લોડાયા, તેરા/મુલુંડ ૩) શ્રીમતી મંજુલાબેન ઉતમચંદ નરશી મોમાયા-વારાપધ્ધર-હૈદ્રાબાદ સંઘપતિ પરિવારો હતા.

















# શ્રી આદી ઘંટાકર્ણ ભક્તિ મંડળ દ્વારા આયોજીત
# શ્રી શંત્રુજય સિધ્ધાચલ ગિરિરાજ થી રૈવતગિરિતીર્થે ગિરનાર છ'રિ પાલિત સંઘ






૧૬૦થી વધારે આપણા જ્ઞાતિના ભાઈ-બહેનો છ'રી પાલિત સંઘમાં છ'રી પાલક નિયમો પાળીને યાત્રા કરેલ. તા.૬-૨-૨૦૨૩ના ગિરનાર પ્રવેશ, તા.૭-૧-૨૦૨૩ના ગિરનાર ઉપર જવા માટે યાત્રા બપોરના સંઘમાળ રાખવામાં આવેલ. આપણા જ્ઞાતિના ૫૦૦ થી વધારે સંખ્યામાં બે દિવસ પધારેલ. ગિરનાર તીર્થે. છ'રી પાલિત સંઘમાં શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપના ભાઈ-બહેનો વ્યવસ્થા સંભાળેલ.





# શ્રી આદી ઘંટાકર્ણ ભક્તિ મંડળ દ્વારા આયોજીત
# શ્રી શંત્રુજય સિધ્ધાચલ ગિરિરાજ થી રૈવતગિરિતીર્થ ગિરનાર છ'રિ પાલિત સંઘ
















# નલિયા વી.એલ.હાઈસ્કૂલના આદ્ય વિદ્યાર્થીઓનું ત્રિદિવસીય સ્નેહમિલન યોજાયું






અબડાસા તાલુકાના મુખ્ય મથક નલિયા ગામની શ્રી જ્ઞાન વિસ્તારક સંઘ સંચાલિત ૧૯૫૪ વર્ષમાં કાર્યરત થયેલી શેઠ વીરજી લધાભાઈ ખીંચરાજ હાઈસ્કૂલના ૧૯૫૪ થી ૨૦૦૦ વર્ષ સુધીના ભૂતપૂર્વ વિદ્યાર્થી છાત્રોનું રીયુનિયન તા.૨૪,૨૫ અને ૨૬ ફેબ્રુઆરી શુક્રવાર, શનિવાર અને રવિવારના સ્થાનિકે યોજાયું. આ સ્નેહમિલનમાં ૪૦૦ જણ એ હાજરી પૂરાવી હતી. જેમાં ૧૦૦ જણ કેડીઓ જ્ઞાતિના હતા. સમગ્ર દેશ અને વિદેશથી શાળામાં શિક્ષણ લીધેલ વિદ્યાર્થીઓ આવ્યા એમાં સાત એનઆરઆઈ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ હતા. તમામ ગુરૂજનો, શિક્ષકોનું કૃતજ્ઞતાના ભાવ સ્વીકારી સન્માન કરાવેલ.

હેત, હુંભ અને હિંયારીના ભાવ સાથે હૈયે ઉમળકાની ઉછળતી લાગણીઓ સાથે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું આગમન પ્રથમ દિવસે થતાં તેમની ગેટ પર ફૂલહાર સાથે આવકાર આપવામાં આવ્યો હતો. જ્યારે વિદાય વેળા 'સંભારણું' નામનું સોવિનીયર સ્મરણિકા તેમજ મીઠાઈ બોક્સ સંભારણા રૂપે અપાયેલ. સ્નેહમિલનમાં ૨૦ પૂર્વ શાળા શિક્ષકો પણ સહભાગી થયાં હતા. યુવાન આધેડ વય સાથે ૮૨ વર્ષના બુઝુર્ગો પણ ભૂતપૂર્વ વિદ્યાર્થીને નાતે જોડાયા હતા.

પ્રારંભિક દિવસે ઔપચારિક પરિચય મિલન, છાત્રોનો મેળાવડો. તા.૨૫ ફેબ્રુઆરીના સવારે ૧૦ વાગે બજાર ચોકથી વી એલ હાઈસ્કૂલ સુધી રેલી, સાંજે ૪ થી ૮ ગુરૂવંદનામાં ગુરૂજનોનું સન્માન, પૂર્વ વિદ્યાર્થીઓના વક્તવ્ય, સાંસ્કૃતિક કાર્યક્રમ સાથે સંગીત સંધ્યા અને અંતિમ દિન તા.૨૬ ફેબ્રુઆરી રવિવારના ૧૦ થી ૧૨ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓની મીટિંગ જેમાં સ્થાનિકે શિક્ષણને લગતા પ્રશ્નો સંગે વિશદ વિચાર વિમર્શ કરાયો.

સંભવત સમગ્ર રાજ્યમાં એકમાત્ર અબડાસા તાલુકા મથક નલિયા જ એવું છે જ્યાં કોલેજ કક્ષાનું શિક્ષણ પ્રાપ્ત કરવાનું આજ સુધી અપ્રાપ્ય છે. સરકારી કોલેજ કાર્યરત કરવા રાજ્ય સરકારના મંત્રીઓ, સચિવોને પણ અનેક વખત આવેદન પત્ર અપાયા છે. તે છતાં અલબત સરકારી તંત્રે આ મુદ્દે ચૂપકીદી સેવી લીધી છે જે સૂચક છે.

અબડાસાના મુખ્ય મથક નલિયા ખાતે શૈક્ષણિક અધુરાશો-ઉણપો ઘણી જ છે. તેમાંય કોલેજ કક્ષાનું શિક્ષણ આજ સુધી પ્રાપ્ત ન હોતાં ઉચ્ચ શિક્ષણની તરસ બૂઝાવવા અનેક પરિવારો પોતાના સંતાનોની ઉજવળ ભાવી કારકિર્દી માટે શહેરી વિસ્તાર ભણી દોટ મૂકી છે. એ મહત્વનો મુદ્દો ચર્ચાઓ હતો. જ્ઞાન પિપાસા અને ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરવા માટેની જે ખાઈ પડી છે એ પૂરી પાડવા કોલેજ ઊભી કરવા ભૂતપૂર્વ છાત્રોએ બીડું ઝડપ્યું છે. તાલુકામાં સર્જાયેલ શૈક્ષણિક ઉણપ-અધુરાશો ઉજાગર થતાં આત્મનિર્ભરતાની ખમીર સાથે અત્રે આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ શરૂ કરવાનો સંકલ્પ કરાયો છે. આગમી બે વર્ષમાં તો કાર્યરત થશે. આ સંકલ્પના પ્રથમ પગલાં રૂપે આયોજન સમિતિના સદસ્ય મુકેશભાઈ મડેયાર અને રવિન મડેયારે માતૃભૂમિનું ઋણ ચૂકવવા તેમના પિતા સ્વ.દેવેન્દ્રભાઈ મડેયારની સ્મૃતિમાં કોલેજ કક્ષાનું શિક્ષણ પ્રાપ્ય બને તે માટે ભૂમિદાનની જાહેરાત કરી હતી જેને સહર્ષ વધાવી લેવાઈ હતી.

દેશાવર રહેતાં ક.દ.ઓ.જૈન મહાજનના પ્રમુખ મુલચંદભાઈ શાહ, લહેરીભાઈ મંગે, ઓધવરામ સત્સંગ મંડળ મુંબઈ

## નલિયા વી.એલ.હાઈસ્કૂલના આદ્ય વિદ્યાર્થીઓનું ત્રિદિવસીય સ્નેહમિલન યોજાયું



એકમના પ્રમુખ હરિભાઈ ભાનુશાલી, ભાનુશાલી દેશ મહાજન પ્રમુખ દામજીભાઈ જોઈસર સહિતના અનેક જણે કોલેજ કક્ષાના શિક્ષણ માટે ઉપયોગી થવાની તત્પરતા બતાવી હતી. મૂળ નલિયાના અને દક્ષિણ આફ્રિકામાં રહેતા કાંતાબેન માંડણે પોતે જ્યારે માતૃભૂમિની મુલાકાત આવે છે ત્યારે સૌ પ્રથમ હાઈસ્કૂલને માથું નમાવી પછી જ ઘરે જાય છે તેવો ભાવ દર્શાવ્યો હતો.

પૂર્વ છાત્રો મુકેશભાઈ મડેયાર, મુકેશભાઈ ભટ્ટ, જયપ્રકાશ ગોરને સ્નેહમિલન યોજવાનો વિચાર સ્ફૂર્યો જેને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ વધાવી લઈ સાનુકૂળ પ્રતિસાદ આપ્યો હતો. દાયકાઓ પછી મળેલ સહપાઠીઓ જ્યારે એકબીજાને ગળે મળ્યાં ત્યારે લાગણી સભર દ્રશ્યો સર્જાયા હતા. હર્ષાશ્રુ સાથે અનેક જણની આંખો ભીની થઈ ગઈ હતી.

સ્નેહમિલન માટે જહેમતપૂર્વકની તૈયારીઓ થઈ હતી. ૬૬ કે.વી.ઓ.સબ સ્ટેશન પાસે પરેશભાઈ ભાનુશાલીના ઓધવ ફાર્મ અને શ્રીનગર ખાતે યોજાયેલ સ્નેહમિલન સ્થળે તમામ સગવડો નિવાસ, ભોજન, આરોગ્ય વિષયક આઈસીયુ સાથેની એમ્બ્યુલન્સ સેવા પણ રખાઈ હતી.આરોગ્ય સેવા માટે એન્કરવાલા હોસ્પિટલ મસ્કાનો સહયોગ પ્રાપ્ત થયો હતો. જ્યારે ત્રિદિવસીય ભોજન માટે અનિલભાઈ દાવડા, હરિભાઈ ભાનુશાલી, મુકેશભાઈ મડૈયાર, લહેરીભાઈ ભાનુશાલીનો સહયોગ પ્રાપ્ત  થયો હતો. ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ પોતાના પાસે સ્નેહમિલનની યાદ જાળવીને રાખી શકે એ માટે હાઈસ્કૂલની પ્રતિકૃતિ સાથેનો એક સેલ્ફી પોઈન્ટ બનાવાયો હતો. તમામ માટે ટેન્ટ સિટી ઊભી કરવામાં આવી હતી. જેમાં બાથરૂમ, ગરમ પાણીની સગવડ વિગેરે સુવિધાઓ હતી. વિદ્યાર્થીઓની બહેનો માટે અલગ ટેન્ટોની સગવડ હતી.

## શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન મુંબઈની સગપણ સેતુ કમિટી દ્વારા ખાસ MOM N DAD વોટ્સએપ ગ્રુપ

શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન મુંબઈની સગપણ સેતુ સમિતિ દ્વારા ક.દ.ઓ.જ્ઞાતિના લગ્નોત્સુક યુવક યુવતી માટે મુંબઈ મહાજન અંતર્ગત નિઃશુલ્ક રાઈટ મેચ માહિતી માટે લગ્નોત્સુક યુવક યુવતીઓ માટે વિશેષ વોટસ એપ ગ્રુપ સફળતાપૂર્વક ચાલી રહ્યું છે.

આ યોજનાને સફળતા અને સિધ્ધિનું બળ મળી રહે એ માટે પેરેન્ટસના આગ્રહને વશ થઈ ખાસ લગ્નોત્સુક યુવક યુવતીઓના વડીલો, માતા પિતા, મમ્મી-પપ્પા માટેનું વિશે વોટસ એપ ગ્રુપ શરૂ કરાઈ રહ્યું છે. જેની દ્વારા યુવક યુવતીઓના માવતરોને વિગત જાણકાર સમયસર તેને મળી રહે.

સગપણ સેતુના આપેરેન્સ વોટસ એપમાં સૌ માવતરોનું સ્વાગત કરીએ છીએ. ગૂગલ ફોર્મ લિંક ભરવા https://forms.gle/7U1R8e7E1iVGeWAs7 ઉપર ક્લિક કરી માહિતી ભરવી. વધુ વિગત માટે સંપર્ક સગપણ સેતુ કન્વીનર અલકાબેન ભેદા-૯૮૨૧૧૭૯૭૯૬, જિનાલીબેન લોડાયા-૯૮૯૨૧૮૯૦૮૫, મનીષાબેન લાલકા-૯૮૨૦૫૪૫૭૩૪

# સાંચરા જિનાલયની ૧૪૫મી વર્ષગાંઠે વાજતે ગાજતે ત્રિહાન્હિકા મહોત્સવ ઉજવાયો





અબડાસા તાલુકાનાં સાંયરા ગામનાં શ્રી આદિનાથ જિનાલયની ૧૪૫ મી વર્ષગાંઠની ઉજવણી પ.પૂ.મુનિરાજ શ્રી કંચનસાગરજી મ. સા., પ.પૂ.સા. શ્રી હિતપ્રજ્ઞાશ્રીજી મ. સા., પ.પૂ.સા. શ્રી ઋજુપ્રજ્ઞાશ્રી મ. સા.ની શુભ પાવન નિશ્રામાં અને ચર્તુવિધ સંઘની ઉપસ્થિતિમાં ધાર્મિક આરાધનાઓ સાથે કરાઇ હતી.

પૂજા-ભાવના-૧૮ અભિષેક-કુમારપાળ મહારાજાની આરતી રથયાત્રા-સતરભેદી પૂજા સાથે ધ્વજારોહણ કાર્યક્રમો ભાવિકોની વિશાળ ઉપસ્થિતિમાં યોજાયા હતા. ટ્રસ્ટીઓ શ્રી ભદ્રેશભાઇ પટેલ, શ્રી શાંતિલાલભાઇ લોડાયા, શ્રી હરીશભાઇ લોડાયા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. શાસ્ત્રોક્ત વિધિ વિધાન શ્રી કેવલભાઇ સાવલાએ કરાવેલ, જયારે ગીત સંગીતની રમઝટ કિશોર સંગાર એન્ડ પાર્ટીએ જમાવેલ. ત્રિદિવસીય સાધર્મિક ભક્તિનો લાભ માતુશ્રી લીલબાઇ શીવજી જીવરાજ લોડાયા જખૌ, માતુશ્રી મણીબાઇ રતીલાલ દેવશી મોમાયા-સાંયરા હસ્તે જયાબેન સુરેશ શીવજી લોડાયા-મુલુંડ પરિવારે લીધેલ. કુમારપાળ મહારાજની આરતી પ્રસંગે કુમારપાળ બનવાનો લાભ અ.સૌ. જયાબેન શાંતીલાલ લોડાયા સાંયરા-મુલુન્ડ પરિવારે લીધેલ. કુમારપાળ મહારાજની આરતીનો વરઘોડો વાજતે-ગાજતે નીકળેલ.

જિનાલયની ૧૪૫ મી વર્ષગાંઠ નિમિત્તે ધ્વજાની શોભાયાત્રા ગામ આખામાં ફરી જિનાલયે પહોંચેલ જ્યાં સતરભેદી પૂજા બાદ જિનાલયનાં શ્વેત શિખરો ઉપર ધ્વજારોહણ કરવામાં આવેલ. ઉપસ્થિત ભાવિકોએ જીવદયા અને સાધારણ ખાતામાં ઉમળકાભેર અનુદાન આપેલ. તિથિઓમાં પણ હોંશભેર અનુદાન નોંધાયેલ. શ્રી શાંતિલાલભાઇ લોડાયાએ પોતાના જન્મદિને જીવદયામાં અનુદાન આપેલ. શ્રી ભદ્રેશભાઇ પટેલે પણ સાધારણ તથા જીવદયાના ખાતામાં અનુદાન આપેલ.

ધ્વજારોહણ ચડાવાનો લાભ અ.સૌ. ગીતાબેન હરીશ લોડાયા હસ્તે માતુશ્રી સોનબાઇ મુલજી પટેલ પરિવારે લીધેલ.

આ પ્રસંગે સાંયરા ગામવાસીઓ તથા ગામની નિયાણીબેનો, મુંબઇ-દેશાવર-કચ્છભરમાંથી માદરે વતન સાંયરા પધારેલ. આજુ-બાજુનાં ગામોનાં શ્રીસંઘો પણ આ પાવન પ્રસંગે પધારેલ. આ પ્રસંગે પ્રબોધ મુનવર, ઉત્તમ મોમાયા, રતિલાલ ધ્રોળનું વિશિષ્ટ સન્માન કરવામાં આવેલ.

ભદ્રેશભાઇ પટેલ, રાજુલબેન પટેલ, બીપીનભાઇ, વિજયભાઇ, ભરતભાઇ જીવાણી, અનીલ ખોના, ધર્મેશભાઇ, પ્રકાશ લોડાયા, પદમશીભાઇ લોડાયા, હીરાચંદ મોમાયા, વિરચંદભાઇ, હિતેશભાઇ, તુષાર મોમાયા, કીરીટ લોડાયા, પરેશ લોડાયા, દલેશ ધ્રોળ, હરીશ મોમાયા, જવેરચંદભાઇ તથા શ્રાવક-શ્રાવિકાઓ, અને ગામવાસીઓએ વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહી આ પ્રસંગ માણ્યો હતો.





ARIHANT BANK
SHRI ARIHANT CO-OP. BANK LTD.
Estd. 1984

# With LOWEST INTEREST Rates, we are still very much Co-operative

| HOME LOAN | CAR LOAN | eAUTO LOAN |
| --- | --- | --- |
| *7.49% (p.a.) | *7.49% (p.a.) | *7.49% (p.a.) |

| GOLD LOAN | LOAN AGAINST PROPERTY | LOAN AGAINST INSURANCE POLICY | TRADE LOAN |
| --- | --- | --- | --- |
| *7.70% (p.a.) | *7.75% (p.a.) | *7.75% (p.a.) | *8.50% (p.a.) |

* Terms & Conditions Apply

**Head Office :** GB-10 A&B, Karma Stambh, L.B.S. Marg, Vikhroli (West), Mumbai - 400 083

| Bhandup (West) | Borivali (West) | Dombivli (East) | Ghatkopar (East) | Ghatkopar (West) |
| --- | --- | --- | --- | --- |
| 86526 30381 | 86526 30390 | 86526 30386 | 86526 30383 | 86526 30385 |

| Masjid Bunder | Matunga | Mulund (West) | Thane (West) | Vashi | Kamothe |
| --- | --- | --- | --- | --- | --- |
| 86526 30384 | 86526 30389 | 86526 30382 | 86526 30388 | 86526 30387 | 86521 19656 |

## SADA AAPKE SANG, ARIHANT

For More Details, Call Nearest Branch or

**Toll Free : 1800 221 984**

**Working Hours :** 10:30 am to 05:30 pm (Except Bank Holidays)



www.arihantbank.com @ ArihantBank

## શ્રી કોઠારા જૈન મિત્ર મંડળ આયોજિત ૪૧મા સ્નેહમિલનમાં પધારવાનું ભાવભર્યું આમંત્રણ

શ્રી નારાણજી શામજી વાડી, ભાઉદાજી રોડ, મહેશ્વરી ઉદ્યાન પાસે, માટુંગા (પૂર્વ) સે.રે.સ્થળે તા.૧૯ માર્ચ રવિવાર સવારે ૧૦ કલાકથી સાંજ સુધી સમય દરમ્યાન શ્રી કોઠારા જૈન મિત્ર મંડળ દ્વારા ૪૧મું સ્નેહમિલનનું આયોજન કરાયું છે. જેમાં સ્વામિ વાત્સલ્ય, સંગીતમય કાર્યક્રમ તથા રાસ ગરબાની રમઝટ સાથે વિવિધ આયોજન કાર્યક્રમ માણવા ગામવાસીઓ, જ્ઞાતિજનો, નિયાણી બહેનોને સપરિવાર પધારવાનું આમંત્રણ શ્રી કોઠારા જૈન મિત્ર મંડળ દ્વારા અપાયું છે. આવતી કાલના સમયના કાર્યની લગામ યુવાજનોના હાથમાં રહેવાની છે માટે દરેક કાર્યક્રમમાં યુવા પેઢી રસ ધરાવે એ સમાજના હિતમાં છે.

સમારંભ પ્રમુખ મનિષભાઈ ભવાનજી શીવજી લોડાયા, કોઠારા-ચાલીસગામ, પ્રમુખ શ્રી ક.દ.ઓ.જૈન મહારાષ્ટ્ર એકમ અતિથિ વિશેષ હેમંતભાઈ માણેકજી શાહ લોડાયા, ગુંદરવાળા વરાડીયા-કેનેડા, ચેરમેન ઈન્ડિયા ટ્રેડ ઓવરસીઝ ફ્રેન્ડ ઓફ ઈન્ડિયા, ઓટાવા-વિનીપેગ કેનેડા તથા સોમચંદભાઈ વેલજી વેરશી લોડાયા, આરિખાણા-મુલુંડ કન્વીનર બૃહદ મુંબઈ પંચ પરમેષ્ઠી પરિવારની વિશેષ ઉપસ્થિત રહેશે.

આ દિવસના કાર્યક્રમની રૂપરેખામાં સવારના ૧૦ કલાકે સ્વાગત ગીત દ્વારા અંતરકરણથી આવકાર ૧૦.૩૦ કલાકે મંચ બેઠક, દીપ પ્રાગટ્ય, ક્ષમાપના ૧૧ કલાકે, મહાજન પ્રમુખ, મંડળ પ્રમુખ દ્વારા અહેવાલ રજૂઆત ૧૧.૩૦ વાગે અતિથિ વિશેષો, સમારોહ પ્રમુખ દ્વારા પ્રાસંગિક પ્રવચન બપોરના ૧૨ કલાકે સ્વામિવાત્સલ્ય જમણ ૧.૩૦ કલાકે દેરાસરના જિર્ણોધ્ધારની ફિલ્મ દ્વારા રજૂઆત, બપોરના ૨ કલાકે શાસન રત્ન નરેન્દ્રભાઈ નંદુ દ્વારા જિનાલય જિર્ણોધ્ધાર, શ્રી શાંતિનાથની પેઢી અતિથિગૃહ, ભોજનશાળા નૂતનીકરણ કાર્ય વિગેરેની યોજનાઓની રજૂઆત અને આદેશો, સાંજના ૫ કલાકે રાસ ગરબાની રમઝટ, સાંજે ૫.૩૦ થી ૬.૪૭ દરમ્યાન ચૌવિહાર.

આ સમારંભના ખર્ચને પહોંચી વળવા ગામવાસી, સખી દાતાઓને નમ્ર અપીલ છે કે આપ સર્વે કાર્યક્રમમાં સહભાગ થાઓ. ત્રણ વર્ષ પછી આખા ગામને એક સામટે મળવાનો આ અલભ્ય મોકો છે તેથી જરૂરથી પધારશો.

બેંક વિગત અરિહંત કો.ઓ.બેંક લીમીટેડ A/c No.0030010003327 IFSC Code : ICIC00ARIHT શ્રી કોઠારા જૈન મિત્ર મંડળ પ્રમુખ હેમંત ગોવિંદજી લોડાયા અજાણી-૯૮૨૧૦૨૬૫૫૧, ઉપપ્રમુખ હરીશ હીરાચંદ મુનવર-૯૮૨૫૬૫૪૧૮૯, દિનેશ લાલાજી અજાણી-૯૮૨૦૦૮૦૦૬૧, માનદ્મંત્રીઓ ખિરણ કુંવરજી લોડાયા-૯૮૬૭૨૪૫૯૫૧, લહેરચંદ હીરજી લોડાયા-૯૩૨૨૫૧૦૦૫૪, ખજાનચી અનિલ ચાંપશી મોતા-૯૩૨૦૦૨૬૩૧૪.

---

## પ્રવીણ ટોકરશી લોડાયા કોઠારા-ડોંબિવલીને શાસન રત્ન એવોર્ડ અપાયો

શ્રી અખિલ ભારત અચલગચ્છ શ્વેતાંબર વિધિ પૂજ્ય જૈન સંઘના મહામંત્રી અને શ્રીઅચલગચ્છ જૈન સંઘ ડોંબિવલીના પ્રમુખ શ્રી પ્રવીણભાઈ ટોકરશી લોડાયા કોઠારા-ડોંબિવલીને દેવલાલી ખાતે શ્રી કલાપૂર્ણમ તીર્થની પ્રતિષ્ઠા પ્રસંગે પ.પૂ. આચાર્ય ભગવંતો આદિ ચતુર્વિધ સંઘની તારક નિશ્રામાં શાસન રત્નપદથી સન્માનિત કરાયા.

શ્રી પ્રવીણભાઈ લોડાયા ઘણા વર્ષોથી દીક્ષા નિયત થયેલ મુમુક્ષોને ૧૧૩ કલ્યાણભૂમિની યાત્રા કરાવવાની સેવા આપે છે અને આજ સુધી ૧૩૦૦ જેટલા મુમુક્ષોને આ લાભ આપી ચૂક્યો છે. આજે એવા કેટલીય તીર્થ ભૂમિઓ કલ્યાણક સ્થળો જવું આવવું સરળ નથી. ત્યાં ૪૦ થી ૫૦ જણના મુમુક્ષોનું ગ્રુપ લઈ અને ચૈત્યવંદના, ભક્તિ આરાધનાનો લાભ તેઓ કરાવે છે અને એ માટે જહેમત પૂર્વકનો ભોગ આપે છે.

દેવલાલી ખાતે યોજાયેલ સમારોહમાં તેમને એવોર્ડ લેવા આમંત્રણ અપાયું હતું તે છતાં પ્રવીણભાઈએ નમ્રતાપૂર્વક કાર્યક્રમ સ્થળે પોતે ઉપસ્થિત રહેવાની અનિચ્છા દર્શાવી કહ્યું હતું કે આજ સુધી મે સુકૃતની એફડી જમા કરી છે. એવોર્ડ પ્રાપ્ત કરવાનો સહેજ પણ મને અહંકાર આવી ગયો તો આ એફડી મારી તૂટી જશે. આ અમૂલ્ય મૂડીની ડિપોઝીટ મને ગુમાવવી નથી. આમ નમ્રપણે આયોજકોને કહી આ વાત અને એવોર્ડ લેવા સ્ટેજ ઉપર અને સ્થળ ઉપર પણ આવ્યા નહતા. આટલી નમ્રતા તેઓ શાલીનતાથી બતાવી છે. પ્રવીણભાઈ લોડાયાને શાસન રત્ન પદ મેળવવા બદલ અભિનંદન અને સંઘ શાસનના સારા કાર્યો તેમના હાથે ઉત્તમોત્તમ રીતે પાર પડે એ શુભેચ્છા.

# મધ્યપ્રદેશ રાજ્યના સેંધવા નગર સંઘના જિનાલયની વર્ષગાંઠ વિવિધ ધર્મ આરાધના સાથે ધ્વજારોહણ કરાયું







મધ્યપ્રદેશ રાજ્યના સેંધવા નગર શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘના આંગણે શ્રી આદિનાથ જિનાલયની વર્ષગાંઠ પ્રસંગે શ્રી અઢાર અભિષેક, સતર ભેદી મહાપૂજા સહ ધ્વજારોહણ વિધાન વિધિકાર નિખિલ અમૃતલાલ હરિયા સંગાથે તા.૧ માર્ચ બુધવાર દિને અદ્ભૂત ભાવ અને ઉત્સાહ ઉમંગ સાથે સંપન્ન થયા.







| જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો | | | | | | |
|---|---|---|---|---|---|---|
| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધુ પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

**ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા**

# શ્રી કોઠારા તીર્થ શાંતિનાથ દાદા જિનાલય જિર્ણોધ્ધાર તથા ઉપયોગી સુવિધાઓના નિર્માણમાં યોગદાન આપવા ટહેલ

તા.૧૯ માર્ચ રવિવારના સવારે ૧૦ કલાકેથી સાંજ સુધી નારાણજી શામજી વાડી માટુંગા યોજાયેલ શ્રી કચ્છી જૈન કોઠારા જૈન મિત્ર મંડળ આયોજિત સ્નેહમિલનમાં પધારવાનું કોઠારા ગામવાસીઓ જ્ઞાતિજનો તથા કોઠારા ગામની નિયાણી બહેનોને પધારવાનું આમંત્રણ છે. આ કાર્યક્રમમાં કોઠારા તીર્થના વિવિધ આયોજનોમાં લાભ લેવાની અણમોલ તક પણ મળશે. કાર્યક્રમનું માર્ગદર્શન અને સંચાલન શાસન રત્ન શ્રી નરેન્દ્રભાઈ નંદુ દ્વારા કરાશે.

વિક્રમ સંવત ૧૯૧૮ મહા સુદ ૧૩ તા.૧૨ ફેબ્રુઆરી ૧૮૬૨ના રોજે કોઠારાની ધન્ય ધરાપર શેઠ શ્રી શીવજી નેણશી, શેઠશ્રી વેલજી માલુ અને જ્ઞાતિ મુકુટમણિ શેઠશ્રી કેશવજી નાયકે અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી રત્નસાગરસૂરિશ્વરજી મ.સા.ની નિશ્રામાં ભવ્ય કોતરણી યુક્ત વિશાળ જિનાલયમાં શ્રી શાંતિનાથ દાદાને પ્રતિષ્ઠિત કર્યા. આજે આ તીર્થ કચ્છની પંચતીર્થીમાં મોખરાનું સ્થાન ધરાવે છે. દર વર્ષે સેંકડો શ્રમણ શ્રમણી ભગવંતો તથા હજારોની સંખ્યામાં શ્રાવક શ્રાવિકાઓ તીર્થના દર્શનાર્થે પધારે છે. આ સૌ માટે ગૌરવની વાત છે કે આવા ભવ્ય કલા કારીગરી અને અદ્‌ભૂત શિલ્પકામથી ઓપતા વિશાળતા અને ભવ્યતામાં અજોડ એવું જિનાલય આપણા ગામમાં છે.

૧૬૨ વર્ષ પ્રાચીન ભવ્ય જિનાલય કાળની અનેક થપાટો ઝીલી છે. કચ્છમાં થતાં ધરતીકંપના કંપનો ક્ષાર યુક્ત હવામાન તથા વરસાદના પાણીના ગળતરથી પથ્થરોને ક્ષતિ પહોંચી છે. આ વિષમ પરિસ્થિતિના કારણે આપણી પ્રાચીન ધરોહરને સાચવવા જિર્ણોધ્ધાર કાર્ય કરવાની શરૂઆત થયેલ છે. સાથે સાથે જિનાલયને વધુ દર્શનીય બનાવવા ભવ્ય પ્રવેશદ્વાર વગેરેનું સાથો સાથ નિર્માણ કરવાનું નક્કી કરી કાર્ય શરૂ કરેલ છે. આ સર્વે ખર્ચ અંદાજિત રૂા.બે કરોડનું થશે.

તીર્થમાં આધુનિક સુવિધાઓથી સજ્જ માતુશ્રી કાંતાબેન ગોવિંદજી ધનજી લોડાયા અજાણી અતિથિગૃહ તથા અ.સૌ. કસ્તુરબાઈ વાલજી પદમશી ધરમશી હીરા જયોતિ અતિથિગૃહ આવેલ છે. તીર્થ યાત્રાએ આવતા યાત્રિકો તથા ગામવાસીઓ માટે અતિથિગૃહ બહુ ઉપયોગી સાબિત થયેલ છે. પણ હજુ વધુ રૂમોની જરૂરિયાત હોતા અતિથિગૃહના નવા રૂમોનું ભૂમિ સહિત સંપૂર્ણ લાભ લેનાર પરિવાર કોઠારા નિવાસી શ્રીમતી મંજુલાબેન લહેરચંદ લખમશી નાગડા તથા માતુશ્રી કસ્તુરબાઈ રાયચંદ ઉમરશી છેડા પરિવારએ ભૂમિ સહિત અતિથિગૃહના નવા છ રૂમનું લાભ લીધેલ છે. જે માટે પરિવારોની સુકૃતની અનુમોદના અને અભિવંદના.

તીર્થમાં છેલ્લાં ૪૦ વર્ષથી શ્રીમતી રાજબાઈ લક્ષ્મીચંદ ધારશી મોતા, લાખણીયાવાળા કાયમી ભોજનશાળા ચાલુ છે. તીર્થ યાત્રાએ આવતા યાત્રિકો તથા ગામવાસીઓ સુંદર લાભ લઈ રહ્યાં છે. ભોજનશાળાના મકાનને ૪૦ વર્ષ જેવો દીર્ઘ સમય થઈ ગયો હોવાથી એનું પણ નૂતનીકરણ કરવાની આવશ્યકતા ઊભી થઈ છે. જેનો અંદાજિત ખર્ચ રૂા.૨૧ લાખ થશે.

જિનાલય પરિસરમાં આવેલ શ્રી શાંતિનાથ દાદાની પેઢી પરિસર સુશોભિત કરી નવીનીકરણ કરવાના તથા યાત્રિકો માટે અન્ય જરૂરી વ્યવસ્થાઓ ઊભી કરવા માટે અંદાજિત રૂા.૩૬ લાખનું ખર્ચ થશે.

આપણા વ્હાલા વતનમાં એક પ્રાચીન તીર્થમાં લાભ લેવાનો અણમોલ અવસર આપણા હાથમાં આવ્યો છે. મળેલ આ અવસરને ઝડપી લઈ મળેલ લક્ષ્મીને મહાલક્ષ્મી બનાવવાની સોનેરી તકને વધાવી આપે મહાજનના કાર્ય ફંડની ઝોળી છલકાવી સહકાર આપશો એવી આશા નહીં પણ કોઠારા જ્ઞાતિ મહાજનને સંપૂર્ણ વિશ્વાસ છે.

જિનાલય જિર્ણોધ્ધાર, ભોજનશાળા નૂતનીકરણ, શ્રી શાંતિનાથ દાદા પેઢી પરિસરનું નવીનીકરણ વિગેરેની સવિસ્તર માહિતી દાનની રજૂઆતો આદેશો વિગેરે માટે શાસન રત્ન નરેન્દ્રભાઈ નંદુ, ચ્યવન્ન, જય, મેઘ નંદુ ત્રિપુટીની સંગાથે સંગીતના સથવારે શ્રી કોઠારા જૈન મિત્ર મંડળ આયોજિત સ્નેહમિલન કાર્યક્રમમાં સવારના ૧૦ કલાકથી સાંજ સુધીના કાર્યક્રમ દરમ્યાન બપોરે ૨ કલાકે ગોઠવાયેલ. આ કાર્યક્રમમાં સહપરિવાર અવશ્ય અને સમયસર પધારી લાભ લેશોજી એવી અપેક્ષા પ્રમુખ નલિન કેશવજી અજાણી દ્વારા કરાઈ છે.

આ રહી વિવિધ આયોજનાઓમાં લાભ લેવા માટેની યોજનાઓ. શ્રી શાંતિનાથજી જિનાલય કોઠારા તીર્થના જિર્ણોધ્ધાર ફંડની યોજનાઓ. ● મુખ્ય જિર્ણોધ્ધાર દાતાશ્રી રૂા.૫૧ લાખ ● જિર્ણોધ્ધાર પ્લેટિનિયમ દાતાશ્રી રૂા.૨૧ લાખ ●

# શ્રી કોઠારા તીર્થ શાંતિનાથ દાદા જિનાલય જિર્ણોધ્ધાર તથા ઉપયોગી સુવિધાઓના નિર્માણમાં યોગદાન આપવા ટહેલ

જિર્ણોધ્ધાર ગોલ્ડન દાતા રૂા.૧૧ લાખ ● જિર્ણોધ્ધાર સિલ્વર દાતા રૂા.૫ લાખ ● જિર્ણોધ્ધાર આધાર સ્તંભદાતા રૂા.૨.૫૦ લાખ ● જિર્ણોધ્ધાર સહાયક દાતાશ્રી રૂા.૧ લાખ.

જિનાલય પરિસરના મુખ્ય પ્રવેશદ્વારના લાભાર્થી રૂા.૨૫ લાખની ઓફર વહેતી મુકવામાં આવે છે. વધુ બોલી બોલનારને આદેશ આપવામાં આવશે. કોઠારાવાસીઓને પ્રથમ પસંદગી.

શ્રી શાંતિનાથ દાદાની પેઢી માટેની દાન યોજનાઓ એક લાખના લાખેણા દાતાની લક્કી ડ્રો યોજનામાં આવેલ નામોમાંથી ડ્રો કરી મુખ્ય લાભાર્થી તરીકે નામ આવશે. બાકીના નામ યોગ્ય જગ્યાએ તકતી પર કંડારવામાં આવશે.

પાણી પરબનો નકરો રૂા.૫ લાખ ● ભોજનશાળા નૂતનીકરણની યોજનાઓ ● મુખ્ય ડાઈનીંગ હોલ રૂા.૧૧ લાખ ● મીની ડાઈનીંગ હોલ રૂા.૫ લાખ ● રસોડું રૂા.૨ લાખ ● સ્ટોર રૂમ રૂા.૨ લાખ ● વેઈટીંગ રૂમ રૂા.૧ લાખ ● ભોજન શાળાના સંપૂર્ણ નૂતનીકરણના લાભાર્થીનો રૂા.૨૧ લાખની ઓફર વહેતી મુકવામાં આવે છે. વધુ બોલી બોલનારને આદેશ આપવામાં આવશે.

ઉપરોક્ત યોજનામાં લાભ લેનાર દાતાશ્રીઓના નામ યોગ્ય દર્શનીય સ્થળે ગ્રેનાઈટની તકતીમાં કંડારવામાં આવશે.

ટ્રસ્ટીઓની નામાવલિ : પ્રમુખ અને મેનેજીંગ ટ્રસ્ટી નલિન કેશવજી અજાણી-૯૮૨૦૦૪૩૬૪૫, મધુકાંત ઝવેરચંદ લોડાયા-૯૮૭૯૦૧૨૬૪૨, રાયચંદ શીવજી લોડાયા-૯૮૨૧૧૩૧૨૦૬, હેમંત ગોવિંદજી લોડાયા અજાણી-૯૮૨૧૦૨૬૫૫૧, દિનેશ લાલજી લોડાયા અજાણી-૯૮૨૦૦૮૦૦૬૧, વીરચંદ ચાંપશી ધરમશી પાવડા-૯૮૨૦૦૮૨૪૭૫ તથા પ્રવીણ ટોકરશી લોડાયા-૯૮૨૦૫૬૫૨૬૧

બેંક વિગત મુંબઈ બ્રાન્ચ : A/C Name : Shantinathji Maharaj Jain Derasar And Sadharan Fund Trust, Bank Name : Bank of Baroda Branch, Bhat Bazar, A/c No.99310100003769 IFSC Code : BARB0DBBBAZ (After BARB it is Zero).

કોઠારા બ્રાન્ચ વિગત : A/C Name ઉપર મુજબ બ્રાન્ચ કોઠારા-કચ્છ A/C No.:90730100009993, IFSC Code : BARB0BKTHR (After BARB it is Zero)


## બેંક અકાઉન્ટની વિગત

**For NEFT Transfer**


| | |
|---|---|
| Type of Account | : Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | : Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | : Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | : Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | : ICIC00ARIHT |

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**


Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# ભાવભીની શ્રદ્ધાંજલિ



**અશોક લાપસીયા**
તા.૨૬ ફેબ્રુઆરી (ઉ.૬૭)
દલતુંગી-મુલુંડ



**વાલજી ધરમશી**
તા.૨૭ ફેબ્રુઆરી (ઉ.૭૭)
સુથરી-મુલુંડ



**પ્રફુલ્લાબેન ધરમશી**
તા.૨૭ ફેબ્રુઆરી (ઉ.૮૪)
જખૌ-થાણા



**નયનાબેન દંડ**
તા.૨૭ ફેબ્રુઆરી (ઉ.૫૬)
ધ્રાફા-ડોંબિવલી






**નિર્મલા શિઆલ**
તા.૨૮ ફેબ્રુઆરી (ઉ.૮૧)
જખૌ-ઈંદોર



**હીરાચંદ ખોના**
તા.૩ માર્ચ (ઉ.૬૭)
નલિયા-જામનગર



**વિનોદ મોમાયા**
તા.૪ માર્ચ (ઉ.૮૯)
વરાડીયા-તીરૂપુર



**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિનામૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**

## કેડીઓ પરિવાર સંબંધિત વ્યક્તિના અવસાનની નોંધ : ભાવભીની શ્રદ્ધાંજલિ



**યોગેશ પવાર**
તા.૩ માર્ચ (ઉ.૪૪)
સૌ. આશાબેન કિરીટ મોમાયા,
વરાડીયાના જમાઈ

### બેંક અકાઉન્ટની વિગત

**For NEFT Transfer**

Type of Account :Saving
Account Number : 002001005497
Name of the Bank :Shri Arihant Co-op. Bank Ltd.
Branch :Mulund (West), Mumbai - 400 080.
Name Account :Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan
For Mobile App Transfer
Our IFSC Code :ICIC00ARIHT

પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.

Draw your cheque in the name of '**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**' (and payable at par at Mumbai)

ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક '**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.



# વતનજા વાવડ ...

– સં. રાજન ચંદે 'ધૂની'

● ભુજ તાલુકાના સામત્રા ગામ પાસે આવેલું ટીવી ટાવર જે ટેલિવિઝન અને રેડિયો પ્રસારણ ટાવર છે. તેની ઊંચાઈ ૩૦૦ મીટર જેટલી છે. જે વિશ્વનું ૨૦૧મું સૌથી ઊંચું અને ભારતનું આ પ્રકારનું આઠમું ઊંચું માળખું છે. ભુજથી નખત્રાણા જતા રસ્તે જિલ્લા મથકથી લગભગ ૧૯ કિ.મી.ના અંતરે આ ટાવરનું નિર્માણ કાર્ય વર્ષ ૧૯૯૯માં પૂર્ણ થયું હતું. દેશમાં આવેલા ટોચના ૧૦ ટાવરમાં સામત્રાનું ટીવી ટાવર પાંચમાં ક્રમે આવે છે. તામિલનાડુમાં રામેશ્વરનું ટીવી ટાવર ૩૨૩ મીટરની ઊંચાઈ સાથે પ્રથમ સ્થાને છે. જ્યારે ચીનના ગુઆંગઝુ શહેરમાં આવેલું ટીવી ટાવર વિશ્વનું સૌથી ઊંચું છે જેની ઊંચાઈ ૬૧૦ મીટર છે.

● મૂળ કેરાના બ્રિટન સ્થિત ફ્રેન્ડઝ ઓફ કેરા ગ્રુપ દ્વારા કપિલ કોટ મેદાનમાં દિવ્યાંગ રમતોત્સવમાં બે હજાર બાળકો જોડાયા હતા. જેમાં વિવિધ રમતો, સ્પર્ધા, ભોજન સહિતના આયોજન થયા હતા. જિલ્લાભરની આ ક્ષેત્રે કાર્ય કરતી ૩૬ સંસ્થાઓ જોડાઈ હતી. માધાપર નવચેતન અંધજન મંડળ સહયોગી રહ્યું હતું. છેલ્લાં ૧૦ વર્ષમાં સંસ્થાએ ચેરિટી સાહસથી એકત્ર કરેલા ૪.૫ કરોડ રૂા. કચ્છના દિવ્યાંગો માટે ખર્ચી સેવા માધ્યમ બની હતી.

● મૂળ પત્રીના હાલે મુંબઈ સ્થિત થાણેના ધીરજ ધરોડ યુવાવસ્થામાં સૈન્યમાં જોડાઈ દેશસેવાનું અરમાન રાખ્યું હતું. ભરતી પરીક્ષા અને ઈન્ટરવ્યુમાં ઉત્તીર્ણ થયા પણ પરિવાર વડીલોની અનિચ્છાને માન્ય ધરી એ સંકલ્પ મનમાં ધરબી દીધો. પણ ફોજી જવાનો નિવૃત્તિ બાદ પુનઃસ્થાપનના કાર્યમાં તેમના સંચાલનનું ઈન્સ્ટિટ્યૂટ આજે અઢી લાખ સૈન્ય જવાનોનું પુનઃ સ્થાપન કરી ચૂક્યું છે. તેમની હાથ નીચે ૫૦ ઈન્સ્ટ્રેક્ટરની ટીમ છે જે દેશના અલગ અલગ કેન્દ્રોમાં જવાનોને માર્ગદર્શન અને તાલીમ આપે છે. જેથી તેઓ તેમના નિવૃત્તિ કાળ પછીના જીવનમાં નવી નોકરી મેળવી સિવિલ સમાજ સાથે ભળી શકે.

● દશ કચ્છી સહિત ગુજરાતના ૮૬ પ્રાચીન ઈતિહાસ પ્રેમીને હિસ્ટોરિકલ એન્ડ કલ્ચરલ રિસર્ચ સેન્ટર દ્વારા 'અતુલ્ય વારસો આઈડેન્ટિટી એવોર્ડ' અમદાવાદ ખાતે અર્પણ કરાયા હતા. કલા, સંસ્કૃતિ, ઈતિહાસ, પુરાત્વ જેવા કોઈપણ ક્ષેત્રે સારી કામગીરી ફરજ નિભાવી રહેલા ઓછા પ્રચલિત હોય તેવા વ્યક્તિ સંસ્થા સમુદાયને પુરસ્કૃત કરી અને ગરિમાથી સન્માન કરાય એવી ઉમદા ભાવના આ પાછળ રહેલી છે. એવોર્ડ વિજેતા કચ્છના દશ અગ્રણીઓમાં સંશોધન અને લેખન માટે સંજય ઠાકર, નરેશ અંતાણી અને મહાદેવ બારડ ચિત્રકલા માટે બિપિન સોની, કચ્છી લોકકળા માટે કનૈયાલાલ સીજુને, કચ્છી હસ્તકળા માટે જયંતિલાલ વણકરને, સિંધી લેખન માટે કલાધર મુતવાને જ્યારે પ્રવાસન માટે પંકજ રાજદે, ઓસમાણ નોતિયાર તથા લિયાકત નોતિયારને એનાયત કરાયા હતા.

● ભુજની કે.કે.પટેલ સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલ દ્વારા યોજાયેલા મેગા મેડિકલ કેમ્પમાં ૭૦ તબીબ, ૪૨ ટ્રસ્ટી, ચોવીસીના ૩૪૪ સ્વંયસેવક અને નર્સિંગ કોલેજના છાત્ર છાત્રાઓની સેવા આહુતિથી ૩૩૭૦ દર્દીઓએ લાભ લીધો હતો.

● દેશના પ્રત્યેક નાગરિકના ખિસ્સામાં જેમના હસ્તાક્ષરવાળી ચલણી નોટ હોય છે એવા રિઝર્વ બેંકના ગર્વનર શકિતકાંતદાસ પત્ની સાથે કંડલા એરપોર્ટ ઊતરીને ધોરડો પહોંચ્યા હતા. દેશના પશ્ચિમી છેવાડે પાકિસ્તાનને અડીને આવેલા આ અંતિમ છતાં વિકસિત અને દેશમાં જાણીતું ગામ ધોરડોના ગ્રામજનોને મળીને ત્યાંના લોકોને અપીલ કરી હતી કે બાળકોને ભણાવ જો કેમકે શિક્ષણ થકી જ સાચો વિકાસ છે. કચ્છી મુલાકાતે પ્રથમ વાર પધારેલ આરબીઆઈ ગર્વનર કચ્છની ગ્રામીણ સંસ્કૃતિ, બન્નેની વિશેષતા અને પરંપરાગત વેશભૂષા જોઈને ખાસા પ્રભાવિત થયાં હતા. ગામમાં ચાલતી બેંક ઓફ બરોડાની પણ મુલાકાત લીધી હતી. ત્યારબાદ સફેદ રણની મુલાકતે રવાના થયા હતા.

Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF Life Member




# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444 / 1555

www.shubhdiamonds.com E.Mail: seema@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-

માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર

(ગામ - સાયરા)